## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251



### સલામી સવારની..

*વચનો-વાયદાના લોલીપોપની ચૂસણી આવી,*
*કાવાદાવાને ચારિત્ર્યખંડનની ચૂંથણી આવી.*
*ચૂંભણી છે કૌભાંડોના કારખાનાની જાહેરમાં -*
*દંભી નેતાઓનાં મ્હોરાં ઉતારતી ચૂંટણી આવી*

### હાઈકુ

*મારે વલખાં -*
*પાટીદાર નેતાઓ -*
*ટિકીટ માટે...*

*સમાજ નામે,*
*સત્તાની પડાપડી -*
*ઉઘાડી પડી...*

*(સત્તાના સ્વાર્થનું રાજકારણ)*

### ચિંતન

**અનુત્થાને ધ્રુવો નાશઃ પ્રાપ્તસ્યાનાગતસ્ય ચ ।**
**પ્રાપ્યતે ફલમુત્થાનાલ્લભતે ચાર્થસમ્પદમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક ચાણક્ટમેંટમાંથી લેવામાં આવેલ છે.**

**જો રાજા પરિશ્રમી ન હોય તો તેનાં પ્રાપ્ત થયેલાં અને પ્રાપ્ત ઘનારા બધાં જ ફળો નાશ પામે છે. પરિશ્રમી રાજા જ પોતાના શ્રમથી મધુર ફળ અને સુખ-સંપદા પામે છે.**

**આ શ્લોકમાં ચાણક્ય કહે છે કે રાજાનો ધર્મ પ્રજાનું રક્ષણ કરવા છે. રક્ષણ એ જ કરી શકે તે પોતે શક્તિશાળી અને સુરક્ષિત હોય. શક્તિ અને સુરક્ષા અને ઐશ્વર્યમાં પોતાનું ધ્યેય ભૂલીને પ્રજાના હિતને બાજુ પર રાખીને પ્રમાદમાં ડૂબી જાય છે તેનું પતન થાય છે.**

**પરિશ્રમ માત્ર કશુંક મેળવવા માટે જ જરૂરી નથી. જે પાસે છે તેને ટકાવી રાખવા માટે પણ જરૂરી છે. માત્ર રાજા એ જ નહીં જેને પોતાનો વર્તમાન અને ભવિષ્ય બંને ઊજળાં છે એ દરેક વ્યક્તિએ તીવ્ર સભાનતા અને સખત પરિશ્રમ કંળવવા પડે. એનો કોઈ વિકલ્પ જ નથી.**

### સુવિચાર

- જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી, કડી એ લાધતી જયારે, પ્રભુની આવતી ઘડી - **ચિત્રલેખા**
- દેખે બાહર નહીં, કુછ આજમા કે દેખિયે... એક દીપક જ્ઞાન કા, ભીતર જલાકર દેખિયે - **ઓશો**
- સંબંધોના ગુંફનમાં ગૂંથાયા વગર કુશળતાપૂર્વક એમાંથી પસાર થતા સંબંધોને ઊર્ધ્વગામી કરતા રહી, 'સ્વ' સાથેનો સંબંધ કેળવતા જઈ પરમાત્મા સમીપ પહોંચીએ તે જ જીવનની મોટી ફલશ્રુતિ છે - **જીવનપાથેય**
- સંબંધ એ બંધન નથી, પણ સ્વાર્થમાંથી મુક્તિ છે,
  એવી વાત જે સમજે અને આચરે એનો સંબંધ ચિરંજીવ બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફરિયાદ એટલે અપચો, ફરિયાદ એટલે વેમન (ઊલટી),
  ફરિયાદ એ આરોગ્યની નહીં પણ બિમારીની પહેચાન છે - **ધર્મલોક**
- 'કહેવા યોગ્ય જ કહેવાનું સામર્થ્ય' એ જ માણસની નૈતિક હિંમતનો માપદંડ છે - **ઋગ્વેદ**
- આજનું ઔષધ : એરંડાના પાનનો રસ તથા મધ ભેગા કરી સવાર-સાંજ ઉંમર પ્રણામે આપવાથી કરમિયા નાશ પામે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

પોતાનું કૌશલ્ય સુધારવાનો હંમેશા અવકાશ હોય જ છે. એટલે વિનમ્રતા સાથે આપવાં આવતા જ્ઞાન ને પ્રાપ્ત કરવામાં આવે તો પાત્રતા વધુ ખીલે છે આથી જ પ્રગતિ થાય છે.

ગુરુ અને શિષ્ય જાત જાતના રમકડા બનાવે અને બજારમાં વેંચે. શિષ્યના બનાવેલા રમકડાના વધુ દામ ઉપજતા. જો કે છતાં ગુરુ એને ટોકતાં રહેતા કે વધુ આવડત વિકસાવો, વધુ મહેનત કરો. જયારે શિષ્ય ને થયું કે ગુરુને મારી ઈર્ષ્યા આવે છે. એટલે એણે ગુરુને કહ્યું, 'ગુરુજી મને આપના માટે ખૂબ માન છે પણ હવે હું રમકડાં બનાવવામાં માહિર થઈ ગયો છું, આપના કરતા મારા રમકડાં વધુ વેચાય છે છતાં તમે મને રોજ સલાહ આપ્યા કરો છો, જો વ્યાજબી નથી લાગતું.' ગુરુએ કહ્યું, 'ભાઈ, તુ જે અત્યારે કરી રહ્યો છે આજથી પચ્ચીસ વર્ષ પહેલા એવી ભૂલ મારાથી પણ થઈ ગયેલી. એ વખતે મારા ગુરુજી કરતા મારા રમકડા સારા બનતા અને વધુ પૈસા મળતા હતા. છતા મારા ગુરુજી મને સતત સુધારો કરવાની સલાહ આપતા. એક દિવસ અકળાઈને મેં પણ મારા ગુરુજી પર ગુસ્સો કર્યો અને એમને બોલતાં બંધ કરી દીધા. પરંતુ પછી હું મારી કળાને વિકસાવી શક્યો નહીં, માટે હું નથી ઈચ્છતો કે તારી સાથે પણ આવું બને.'

શિષ્યને પોતાની ભૂલસમજાઈ અને એ દિવસથી પોતાની કુશળતામાં સતત સુધારો કરવા લાગ્યો.

# અક્ષરધામ : ભગવાન સ્વામિનારાયણની દિવ્ય ચેતનાનું અક્ષયપાત્ર

**તંત્રીસ્થાનેથી...**

સંતપુરુષોના સંકલ્પો કયારેક સાકાર સ્વરુપે લે ત્યારે કેવાં રૂડા પરિણામો નીપજી આવે છે એનાં અનેક ઉદાહરણો દુનિયામાં ઠેકઠેકામે દ્દષ્ટિગોચર થતાં રહે છે. અમૃતસરનું સુવર્ણમંદિર કે ગાંધીનગર સ્થિત અક્ષરધામ એના જવલંત ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણ એમનાં ટૂંકા જીવનકાળ દરમિયાન જ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં સર્વાવતારી શ્રીજી તરીકે પૂજાતા થયા હતા અને એમનાં શિષ્યવૃંદમાં ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી ઉપરાંત બ્રહ્માનંદ અને પ્રેમસખી જેવા સંત કવિઓનો સમાવેશ થતો હતો. ગઢડા અને સાળંગપુર ઉપરાંત અમદાવાદ અને વડતાલ જેવાં મંદિરો તથા અનેકવિધ સ્તરોની વિશિષ્ટ પ્રસિદ્ધ વ્યક્તિઓ પર ચમત્કારિક પ્રભાવને કારણે સદેહે જ માત્ર સંપ્રદાયના સ્થાપક કરતાં સાક્ષાત્ ભગવાન તરીકે સ્વીકૃતિ પામેલા શ્રીજીના બસોમાં પ્રાગટ્યપર્વની ઊજવણી એમની સંતપરંપરાના વારસાદર પ્રમુખ સ્વામીની અધ્યક્ષતામાં યોજાઈ ત્યારે ગુજરાતને સ્થાપત્ય કળાના બેનમૂન દ્દષ્ટાંત સમું ઐતિહાસિક અક્ષરધામ મંદિર પ્રાપ્ત થયું. પૂર્વ મુખ્યમંત્રી બાબુભઆઈ જશભાઈ પટેલ સત્સંગી હતા. એમણે પૂજ્ય યોગીજી મહારાજને ગુજરાતની રાજધાનીમાં ભગવાન સ્વામિનારાયણનું સ્મૃતિમંદિર બનાવવાની વિનંતી કરી અને યોગીજી મહારાજ જેવી સંકલ્પમૂર્તિએ હાલનાં ગેટ નં. ૬ પાસે પ્રસાદીનાં પુષ્પો વેર્યાં. આથી જાણે ભવિષ્યના ભવ્ય અક્ષરધામનું આગોતરું શિલારોપણ જ સંપન્ન થઈ ગયું. ગુજરાતના તમામ સૂત્રધારોએઆ વિચારને સાકાર સ્વરુપ અપાવવામાં યથાશક્તિ યોગદાન આપ્યું અને પ્રમુખ સ્વામીના આશીર્વાદથી એમનાં ગુરુનું સંકલ્પ સ્વપ્ન સમયસર સાકરા થયું. અક્ષરધામનું ઉદ્ઘાટન પર્વ ગુજરાતમાં આજ પર્યંત થયેલ મહોત્સવોમાં રોલ મોડેલ સમું બની રહ્યું. અક્ષરધામ માત્ર મંદિર નહીં બલકે ટેકનોલોજીના અદ્યતન તીર્થ જેવું લાગતું હોઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રધ્ધા નહીં ધરાવતો વિશાળ જનસમુદાય પણ એની મુલાકાત લેતો થયો. ખાસ તો માનવીની ઉત્ક્રાંતિને લગતી વૈજ્ઞાનિક માહિતી સાથેનું ધાર્મિક પ્રદર્શન મુલાકાતીઓ અને પ્રવાસીઓ માટે એક દર્શનીય બની રહ્યું છે. વળી અન્ય પરંપરાગત શ્રદ્ધાસ્થાનકોની સરખામણીમાં અક્ષરધામનું પ્રબંધન - વ્યવસ્થાપન અને સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવાં છે. ભાગ્યે જ અન્ય કોઈ ધાર્મિક સ્થાનમાં આટળું સુઘડ આયોજન, નાસ્તા પાણી અને ભોજનવ્યવસ્થા ઉપરાંત બળકો માટે મનોરંજનની વ્યવસ્થા હશે. એવુંજ અક્ષરધામ દેશની રાજધાની દિલ્હી ખાતે પણ રચાયું અને વિશ્વની આધુનિક અજાયબી બની ગયું. ખૂબ ઓછા સમયગાળામાં ગાંધીનગરનું અક્ષરધામ એટલું બધું જાણીતું બની ગયું કે એ આતંકવાદી હુમલાનો ભોગ પણ બન્યું. પ્રમુખ સ્વામીએ આતંકી હુમલામાં જીવ ગુમાવનારા દર્શનાર્થી શ્રદ્ધાળુઓ સાથે જ જે આતંકવાદીઓ માર્યા ગયા હતા એમના આત્માની શાંતિ માટે પણ પ્રાર્થના કરી હતી. એક સાચા સંતની કરુણાનું આ નેત્રદીપક ઉદાહરણ છે. અક્ષરધામ એ આધ્યાત્મિક સંકલ્પના છે, જયાં સ્વયં ભગવાન સ્વામિનારાયણ અક્ષરદેહે બિરાજે છે. અદલ એવી જ દિવ્યતા અને પરમ શાંતિની અનુભૂતિ અક્ષરધામમાં પૂજ્ય બાપાના હાથે પ્રાણ પ્રતિષ્ઠા પામેલ ભગવાન સ્વામિનારાયણની પવિત્ર મૂર્તિનાં દર્શનથી થાય છે. આવું એક દિવ્ય તીર્થ ગાંધીનગરના રાજભવન અને મંત્રીનિવાસની સોડમાં જ વસેલું હોઈ એનાં વાઈબ્રેશન્સ રાજકર્તા વર્ગના મહાનુભાવો સુધી પણ પહોંચતાં જ હશે. મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની રાજકીય કારકિર્દી દરમિયાન શ્રી નરેન્દ્ર મોદી સતત પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરતા રહ્યા છે. પ્રમુખ સ્વામીએ ભેટ આપેલી પેનથી જ તેઓ પોતાનું ઉમેદવારી પત્ર પણ ભરતા રહ્યા છે. એમના અક્ષરધામ પ્રયાણ સમયે પણ તેઓ વિમ્રમતાપૂર્વક ભાવાંજલિ અર્પણ કરી હતી અને સગા બાપ ગુમાવ્યા હોય એવી વેદના અનુભવી હતી. ચૂંટણીના માહોલ વચ્ચેથી પણ સમય કાઢીને તેઓ અક્ષરધામની રજતજયંતીના સમાપન મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા તે ઘટના એમની દિવંગત બ્રહ્મકાલીન પ્રમુખ સ્વામી પ્રત્યેની અખંડ શ્રદ્ધાની પ્રતીતિ કરાવે છે. જયારે 'અક્ષરધામ' ગુજરાતની સંસ્કારિતા અને ગાંધીનગરની ઓળખના પ્રતીક સમુ બની રહ્યું છે ત્યારે એની રજતજયંતિ પ્રસંગે આપણે સહુ પણ ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ કે આગામી હજારો વર્ષ પર્યંત એ ગુજરાતની અસ્મિતા અને ગાંધીનગરની ગરિમાને અક્ષુણ્ણ રાખવાના આશીર્વાદ વરસાવે. પૂ. પ્રમુખ સ્વામીનો આત્મા પણ આ પવિત્ર ભૂમિને નિરંતર આધ્યાત્મિક ચેતના અને દિવ્ય શાંતિ પ્રેરતો રહે એ જે અભ્યર્થના. અક્ષરધામ ભગવાન સ્વામિનારાયણની દિવ્ય ચેતનાનું અક્ષયપાત્ર બની રહો!

# સુખ વહેંચતી સુખિયા

## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા



વૃંદાવનની ગલીઓમાં એક માલણ ફર્યા કરતી. એ ફળ, ફુલ, અને તુલસીદલ ટોપલામાં રાખતી. ફળ અને ફૂલ વેચે. આ એની રોજીરોટી હતી. એને આઠ પુત્રીઓ હતી, પુત્ર નહિં. સૌનું ગુજરાન ચલાવે. તુલસીદાસ એમને એમ આપે. એમાંથી પૈસા નહિ. એનો સ્વભાવ આનંદી હતો. લોકો કહેતા આ ફળ ફુલ જ નથી વેંચતી; સુક પણ વહેંચે છે.

એ લોકો પાસેથી સાંભળતી - 'નંદરાય અને યશોદાને ઘરે બે વર્ષનો બાળક કૃષ્ણ છે. એ ખૂબ સરસ છે.' લોકો પાસેથી સાંભળવા જાય અને એનું આકર્ષણ વધતું જાય. અંતે એ નંદભવન પહોંચી. એને બાલકૃષ્ણને જોવો હતો. પણ એ કાં બહાર ન ચાલે. એ હબારી થાકીને કંટાળીને પાછી આવી ગઈ.

ગામમાં એક જ્ઞાની અને વૃદ્ધ બ્રાહ્મણ એના વડીલ હતા. આ પુરોહિતની પાસે ગઈ. એણે પુછ્યું. 'આચાર્ય હું નંદભવન જાઉં છું. વાટ જોઉં છું. થાકી ગઈ છું. પણ મને બાલકૃષ્ણનાં દર્શન થતા નથી.' પુરોહિતે જવાબ આપ્યો - 'તું કોઈ નિયમ લે.' સુખિયાએ કહ્યું, 'ફળફૂલ વેચવા મારી આજીવિકા છે. ધ્યાનપૂજા માટે સમય કયાંથી કાઢું ?' પુરોહિતે ઉપાય બતાવ્યો. 'તું આમ કર. રોજે રોજ નંદભવન ફરતી ૧૦૮ વાર પ્રદક્ષિણા કર.' સુખિયાએ પ્રણામ કર્યા અને વિદાય લીધી. એણે વિચાર્યું - 'આમ પણ હું નંદનવન પાસે રાહ જ જોયા કરું છું. એને બદલે પ્રદક્ષિણા કરું.'

એણે બીજા દિવસથી નિયમ જાળવ્યો. રોજે રોજ ૧૦૮ પ્રદક્ષિણા કરે. નચિકેતાએ યમરાજની પ્રતિક્ષા કરી હતી. પરંતુ ત્રણ દિવસ પછી એણે દર્શન આપ્યા હતા. અહીં તો ત્રણ વરસ થયા.

પરંતુ હવે બાળકૃષ્ણને કુતૂહલ થયું. 'આ એકનો એક અવાજ મને કોનો સંભળાયા કરે છે ?' એ બહાર ધસી આવ્યો. એણે સુખિયાને જોઈ. એમાં એને પોતાની માતા દેખાઈ; સુખિયાને એનામાં પોતાના બાળક ! એણે સુખિયાને કહ્યું, 'મા' મને ફળ આપ.' સુખિયાના તો અંગેઅંગ રોમાંચિત થયાં. એણે પુછ્યું. 'મને શું આપીશ ?' બાળકૃષ્ણ અંદર ગયો અને બે મુઠ્ઠી ચોખા લઈને આવ્યો. દોડીને એના ખોળામાં બેસી ગયો. ટોપલામાં ચોખા નાખી દીધા. સુખિયાએ તેને લીલીદ્રાક્ષ આપી. સુખિયાએ ખાતરી આપી કે એ રોજ ફળ લાવશે, જાતે લેવા આવજે.'

બાળકૃષ્ણ ભવનમાં ગયો. સૌને દ્રાક્ષ આપતો જાય. દ્રાક્ષ તો ઓછી થાય જ નહિ. માતા યશોદો પાસે ગયો. યશોદાએ પૂછ્યું, 'આટલી સરસ દ્રાક્ષ મેં આ પહેલાં કયારેક ખાધી નથી. આ ઓછી તો થતી જ નથી.' દાસીએ સ્પષ્ટકા કરી. 'મેં જોયું છે. એ માલણના ખોળામાં બેઠો હતો.' યશોદાએ રાજી થઈને કહ્યું, 'બેટાં એ તો સાક્ષાત અન્નપૂર્ણા જ હશે.'

સુખિયા ઘરે પહોંચી. ટોપલો ખોલ્યો તો ભારે આશ્ચર્યથી ડઘાઈ ગઈ. એની આંખમાંથી હર્ષનાં અશ્રુ સરવા માંડ્યા. એકેએક ચોખાનો દાણો બહુમૂલ્ય રત્નમાં ફેરવાઈ ગયો હતો ! ટોપલો રત્નોથી ચમકથી ઝળાહળા હતો !! 'સુખિયા'નું નામ આ રીતે પણ સાર્થક થયું.

# ગૂજરાત વિદ્યાપીઠને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો કયારેક મળ્યો?

## ગુજરાતની રાજનીતિ

૧ ગુજરાતના દસ્તાવેજી ઈતિહાસ કાળની શરુઆત કયારથી થઈ હતી ?
(અ) સલ્તનત યુગથી (બ) સોલંકી યુગથી
(ક) મૌર્યકાળથી (ડ) ચાવડા યુગથી

૨ શ્યામજીકૃષ્ણ વર્ષમાએ 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કયારે કરી હતી?
(અ) ફેબ્રુઆરી-૧૯૦૬ (બ) માર્ચ-૧૯૦૬
(ક) ફેબ્રુઆરી-૧૯૦૫ (ડ) માર્ચ-૧૯૦૫

૩ 'આદિવાસી યોજના'ની પેટા યોજના તરીકે કઈ યોજના ૧૯૭૪માં અમલમાં મુકાઈ?
(અ) નિરક્ષર યોજના (બ) વનબંધુ યોજના
(ક) જનકલ્યાણ યોજના (ડ) વન વિકાસ યોજના

૪ ૧૮૭૯માં ગુજરાતમાં સૌપ્રથમ કૉલેજ કયાં સ્થપાઈ હતી ?
(અ) રાજકોટ (બ) વડોદરા
(ક) અમદાવાદ (ડ) જામનગર

૫ ૧૮૭૩ માં રાજકોટ સૌ પ્રથમ અંગ્રેજી શીખવના વર્ગો કોણે શરુ કર્યા હતા ?
(અ) વિલ્સને (બ) મેકબેચે
(ક) ગ્લાસકોએ (ડ) જ્હોન્સને

૬ ઈ.સ. ૧૮૬૨માં નેરોગેજ રેલવે માર્ગ ગુજરાતમાં કયાં બંધાયો હતો ?
(અ) ડભોઈ - મિયાંગામ (બ) વડોદરા - ડભોઈ
(ક) અમદાવાદ-ખેડા (ડ) ભાવનગર - પાલીતાણા

૭ જીઆઈડીસી દ્વારા સુરતમાં કયો પાર્ક બનાવવાની યોજના છે ?
(અ) ઓટો મોબાઈલ પાર્ક (બ) સિલ્ક પાર્ક
(ક) ટેક્સટાઈલ પાર્ક (ડ) એપેરેલ પાર્ક

૮ ગુજરાતના કયા ક્રાંતિકારી 'ગુજરાત સર્વોચ્ચ ન્યાયાલય' નો ઉચ્ચ ન્યાયાધીશ હતા?
(અ) અબ્બાસ તૈયબજી (બ) ડૉ. જીવરાજ મહેતા
(ક) કે. કે. વિશ્વનાથન (ડ) હિતેન્દ્ર દેસાઈ

૯ ગુજરાત યુનિવર્સટીના પ્રથમ કુલપતિ કોણ હતા ?
(અ) સ્નેહરશ્મિ (બ) મગનભાઈ પટેલ
(ક) પી.સી. વૈદ્ય (ડ) હરસિદ્ધભાઈ દિવેટીયા

૧૦ કયા ગુજરાતી ઈંગ્લેન્ડની ઉમરાઉ સભાના સદસ્ય તરીકે નિમાયા હતા ?
(અ) લોર્ડ મેઘનાદ મહેતા (બ) લૉર્ડ અંબુભાઈ પુરાણી
(ક) લોર્ડ મેઘનાદ દેસાઈ (ડ) લોર્ડ અંબુભાઈ દેસાઈ

૧૧ ગુજરાતમાં ૧૯૨૩માં સર્વપ્રથમ આયુર્વેદ કૉલેજની સ્થાપના કયાં થઈ હતી ?
(અ) અમદાવાદ (બ) નવસારી
(ક) જામનગર (ડ) પાટણ

૧૨ ગૂજરાત વિદ્યાપીઠને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો કયારેક મળ્યો?
(અ) ઈ.સ. ૧૯૫૪ (બ) ઈ.સ. ૧૯૬૦
(ક) ઈ.સ. ૧૯૬૩ (ડ) ઈ.સ. ૧૯૬૫

૧૩ ગુજરાતમાં ઈન્ફોર્મેશન ટેકનોલીજી નીતિ કોણે જાહેર કરી હતી!
(અ) શંકરસિંહ વાઘેલા (બ) સુરેશ મહેતા
(ક) નરેન્દ્ર મોદી (ડ) કેશુભાઈ પટેલ

૧૪ ગુજરાતમાં પ્રથમ બિનકોંગ્રેસી મુખ્યમંત્રી કોણ હતું ?
(અ) બાબુભાઈ જશભાઈ પટેલ (બ) બાબુભાઈ વાસણવાળા
(ક) અમરસિંહ ચૌધરી (ડ) ચિમનભાઈ પટેલ

૧૫ ગુજરાતના કયા અર્થશાસ્ત્રી લંડન સ્કૂલ ઑફ ઈકોનોમીક્સમાં નિયામક હતા ?
(અ) ડૉ. આઈ. જી. પટેલ (બ) ડૉ. પી.વી. રામન
(ક) ડૉ. એમ. જી. બારોટ (ડ) ડૉ. એન.ટી. પંડ્યા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૩ નવેમ્બર ૧૯૦૬ : પૃથ્વીરાજ કપૂર :** ચલચિત્ર જગતના અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા. શરુઆતમાં સ્ત્રીની ભૂમિકા ભજવી. પૃથ્વી થિયેટર્સની સ્થાપના કરી. દાદા સાહેબ ફાળકે એવોર્ડથી નવાજયા. ૧૯૭૨માં અવસાન થયું.
- **૪ નવેમ્બર : ૧૯૨૯ : જયકિશન પંચાલ :** ગુજરાતનાં વાંસદામાં જન્મ - જાણીતા સંગીતકાર બેલડી શંકર જયકિશનના અભિન્ન અંગ. શાસ્ત્રીય રાગ આધારિત ગીતોનું કમ્પોઝીશન તેમની ખાસિયત રહી છે. ૫૦ થી ૬૦ ના દાયકાના સુપરહીટ સંગીતકાર.
- **૬ નવેમ્બર ૧૮૮૧ : અરદેશર ફેરામજી (ખબરદાર) :** દમણના વતની. વેપાર અને લેખન તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. રાષ્ટ્રસેવા એ કર્મ હતો. 'કાવ્યરસિકો, 'વિલાસિકા', પ્રકાશિકા', 'ભારતનો ટંકાર', 'નંદનિકા' જેવી કૃતિઓના સર્જક. ૧૯૫૩માં અવસાન પામ્યા.
- **૭ નવેમ્બર ૧૮૮૮ : ડો. ચંદ્રશેખર વેંકટરામન :** નોબેલ પુરસ્કાર વિજેતા મહાન ભારતીય વૈજ્ઞાનિક. 'રામન ઈફેક્ટ' ના શોધક. ભારત રત્ન સન્માન મેળવનાર. '૨૮ ફેબ્રુારી રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' તેમની શોધ સાથે ઉજવાય છે. ૧૯૭૦માં અવસાન.
- **૮ નવેમ્બર ૧૯૨૩ : જેક સેંટ કલેર કિલ્બી :** વિશ્વને બદલી નાખનાર માઈક્રોચીપના સહશોધક. અમેરિકામાં જન્મ. ૧૯૬૭માં માઈક્રોચીપનો ઉપયોગ કરી વિશ્વનું પ્રથમ પૉકેટે કેલ્ક્યુલેટર બનાવ્યું.
- **૯ નવેમ્બર ૧૮૬૭ : શ્રીમદ્ રાજચંદ્ર :** મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ મોરબી પાસેનાં વાણીયા ગામે જનમ. નબળું શરીર પણ દૃઢ મનોબળ. તીવ્ર યાદશક્તિ ધરાવતા આ મહામાનવે 'આત્મ સિદ્ધિ શાસ્ત્ર' માત્ર દોઢ કલાકમાં લખ્યું. ૧૯૦૧માં નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**અમિત શાહના પુત્ર જયેશ શાહે કઈ ન્યૂઝ એજન્સી સામે બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે ?**

**જવાબ : 'ધી વાયર વેબ'**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

## ખજાનો

અનિલ પટેલ



(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા સાહિત્યકાર ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટાયા ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મનની શાંતિ



'માણસ આ સંસારમાં એકલો જ જન્મ છે અને એકલો જ મરે છે. એણે કમાયેલું ધન, મકાન, વૈભવ અને તેનું કુટુંબ અહીં જ રહી જાય છે. સંસારમાંથી કોઈ કોઈની સાથે આવતું કે જતું નથી. પોતે કરેલા સારા ખરાબ કાર્યોના પરિણામ વ્યક્તિએ પોતે જ ભોગવવા પડે છે. એમાં એને કોઈ સાથ આપી શકતું નથી.'

માણસે આવવા-જવાનું એકલાએ પણ તેણે કરેલા અશુભ કાર્યોથી નિર્માણ થયેલા પાપને, મનથી કરેલા અશુભ વિચાર અને વાણીથી કઠોરતાની અશુભતાથી ઉત્પન્ન થયેલાં પાપ, તથા એ પાપોનું ફળ દુઃખ, તેમ જ મન, વાણી અને કર્મથી થયેલાં શુભ કર્મથી થયેલાં શુભ કર્મોને તેને પરિણામે ઉપાર્જિત કરેલ પુણ્ય અને તેનું ફળ સુખ, પરોપકાર, દયા, દાન એ સતપ્રવૃત્તિનું ફળ, તેમ જ જીવમાં સદા રક્ષક બનતું ધર્માચરણ. આ તમામ મરણ પછી માણસ સાથે લઈ જાય છે અને નવો જન્મ થાય છે ત્યારે આમાંથી જે મૂડી બચી હોય તે સાથે લઈ તે આવે છે. આ માણસના જીવન સુખ અને દુઃખના નિમિતો ગમે તે હોય પણ તે જ ભોગવે છે. તે સુખ દુઃખનું મૂળ કારણ તે પોતે જ છે.

## રંગ-ઉમંગ

કાનન ઓઝા



એકવાર ભગવાન બુદ્ધ પોતાના શિષ્યો સાથે એક તળાવ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તેમણે પોતાના એક શિષ્યને પાણી લાવવાનું કહ્યું. શિષ્ય તળાવ પાસે ગયો ત્યારે એણે જોયું કે કેટલાક માણસો તળાવમાં કપડાં ધોતા હતા. વળી તે જ વખતે એક બળદગાડા વાળાએ તેનું બળદગાડું તળાવમાં પાણીમાંથી હાંક્યું તેથી પાણી ડહોળું બની ગયું. શિષ્યે વિચાર્યું કે આવું ગંદુ પાણી ભગવાન બુદ્ધને પીવા માટે ન આપી શકાય તેથી તે પાણી લીધા વિના પાછો આવ્યો. અડધો કલાક પછી ભગવાન બુદ્ધે શિષ્યને ફરીથી પાણી લઈ આવવા કહ્યું, એ વખતે થોડો સમય પસાર થયો હોવાથી, સપાટી પર આવેલી માટી પાછી તળીયે બેસી જવાથી, પાણી સ્વચ્છ બની ગયું હતું. શિષ્ય પાણી લઈને ભગવાન બુદ્ધ પાસે આવ્યો.

ભગવાન બુદ્ધે સ્વચ્છ પાણી ભરેલા પાત્ર તરફ જોયું અને નજર ઉઠાવી શિષ્ય તરફ જોયું. ત્યારબાદ તમામ શિષ્યો તરફ ફરીને તેમને સમજાવતા કહ્યું, 'જુઓ, આ સ્વચ્છ પાણીથી ભરેલા પાત્રનું પાણી અડધા કલાક ડહોળવાથી તે ડહોળું બની ગયું. મનનું પણ એમ જ છે. જયારે તે કોઈ કારણથી ડહોળાયું હોય ત્યારે તેને ખલેલ પહોંચાડ્યા વિના પણ રહેવા દો. કોઈ પ્રયત્ન વિના તે આપોઆપ શાંત થઈજશે.'

મનને શાંત કરવા માટે કોઈ ખાસ પ્રયત્ન કરવાની જરૂર નથી. બસ, એને પડી રહેવા દો. તે શાંત થઈ જશે. મનને શાંત કરવું કોઈ અઘરું કામ નથી. એ પ્રયત્ન વિનાની પ્રક્રિયા છે.) જયારે તમારું મન શાંત હોય છે. ત્યારે અસર તેની બાહ્ય વાતાવરણ ઉપર પણ થાય છે. તમારી આસપાસના માણસો પણ તણ તેને અનુભવવા લાગે છે.'

## વિસરાતી વાનગી



### દેશી લીલી મકાઈનાં વડા

**સામગ્રી**

**તેલ - ૨૫૦ ગ્રામ**
**મકાઈના દાણા - ૨૫૦ ગ્રામ**
**ચણાની દાળ - ૧૦૦ ગ્રામ**
**લીલા મરચાં - ૩ નંગ**
**આદું - ૧ ટુકડો**
**કોથમીર - ૨૫ ગ્રામ**
**મીઠું - સ્વાદ અનુસાર**

**રીત :**

**સૌ પ્રથમ લીલી મકાઈનાં દાણાને છીણી લેવા. ત્યારબાદ 'ચણાની દાળને ૨-૩' કલાક પલાળી રાખવી. ત્યારબાદ ચણની દાળને મિકસરમાં અધકચરી વાટી લેવી. ત્યારબાદ તેમાં મકાઈનું ક્રશ ઉમેરી લીલા મરચાં, આદુની પેસ્ટ, મીઠું, કોથમીર, સરગવાનાં પાન ધોઈને સમારેલાં મિક્સ કરી તેલ ગરમ કરવામાં મુકવું. ગરમ થાય એટલે તેમાં મધ્યમ આંચે નાનાં નાનાં વડા ગુલાબી રંગના થાય એમ તળી લેવા.**

**ત્યારબાદ લીલી ચટણી બનાવી તેની સાથે સર્વ કરવા.**

**તો તૈયાર છે સ્વાદિષ્ટ દેશી લીલી મકાઈનાં વડા.**